# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## ગૂજરાત વિદ્યાપીઠ મંડળ : ૨૭.૦૩.૨૦૨૩

ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ ૨૦૨૨-૨૩ની છઠ્ઠી બેઠક તા.૨૭.૦૩.૨૦૨૩, સોમવારે સવારે ૧૦.૦૦ કલાકે રાજભવન, ગાંધીનગરમાં આદરણીય કુલપતિશ્રી આચાર્ય દેવવ્રતજીનાં અધ્યક્ષસ્થાને મળી. આ બેઠકમાં નીચે મુજબનાં સભ્યશ્રીઓ ઉપસ્થિત હતા.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી આચાર્ય દેવવ્રતજી | કુલપતિશ્રી |
| ૨ | ડૉ. ભરતભાઈ જોશી | પ્રમુખ/કા.કુલનાયકશ્રી |
| ૩ | શ્રી હસમુખભાઈ પટેલ | ટ્રસ્ટીશ્રી |
| ૪ | શ્રી સુરેશભાઈ રામાનુજ | ટ્રસ્ટીશ્રી |
| ૫ | શ્રી વિશાલભાઈ ભાદાણી | ટ્રસ્ટીશ્રી |
| ૬ | શ્રી દિલિપભાઈ ઠાકર | ટ્રસ્ટીશ્રી |
| ૭ | ડૉ. હર્ષદભાઈ પટેલ | ટ્રસ્ટીશ્રી |
| ૮ | ડૉ. જગદીશચંદ્ર સાવલીયા | ટ્રસ્ટીશ્રી |
| ૯ | ડૉ. જગદીશચંદ્ર ગોઠી | ટ્રસ્ટીશ્રી |
| ૧૦ | ડૉ. જસવંતભાઈ પંડ્યા | ટ્રસ્ટીશ્રી |
| ૧૧ | ડૉ. અરુણભાઈ ગાંધી | ટ્રસ્ટીશ્રી |
| ૧૨ | ડૉ. રાજેન્દ્રભાઈ જોશી | ટ્રસ્ટીશ્રી |
| ૧૩ | ડૉ. નરેશભાઈ ચૌહાણ | ટ્રસ્ટીશ્રી |
| ૧૪ | ડૉ. પ્રવીણકુમાર શર્મા | ટ્રસ્ટીશ્રી |
| ૧૫ | શ્રી મેહુલભાઈ પટેલ | ટ્રસ્ટીશ્રી |
| ૧૬ | ડૉ. નિખિલભાઈ ભટ્ટ | મંત્રીશ્રી |

શ્રી નરસિંહભાઈ હઠીલા, શ્રી આયશાબહેન પટેલ, ડૉ. કનુભાઈ નાયક, સુશ્રી રાજશ્રીબહેન બિરલા, શ્રી ગફુરભાઈ બિલખીયા તથા શ્રી ચંદ્રવદનભાઈ શાહ બેઠકમાં હાજર રહી શકશે નહિં તેની જાણકારી કાર્યાલયને કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી.

કાર્ય-૧: તા.૦૧-૦૨-૨૦૨૩ના રોજ મળેલ બેઠકના અહેવાલને બહાલી આપવા તથા તા.૦૧-૦૨- ૨૦૨૩ના રોજ મળેલ મંડળની બેઠકના અહેવાલની અમલવારી નોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-૧ : તા.૦૧.૦૨.૨૦૨૩ના રોજ મળેલ ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકના અહેવાલને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું તથા તા.૦૧.૦૨.૨૦૨૩ના રોજ મળેલ મંડળની બેઠકના અહેવાલની અમલવારી નોંધને ધ્યાને લેવામાં આવી.

વધુમાં, નીચેની બાબતો અંગે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ-૧.૧.૧: ભારત સરકારનાં શિક્ષણ મંત્રાલયનાં નિર્દેશ અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ મંડળ અને ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણની કામગીરી સ્વતંત્ર રહે તેમ વ્યવસ્થા ગોઠવવી.

ઠરાવ-૧.૧.૨: ગૂજરાત વિદ્યાપીઠ મંડળનાં બેંક ખાતાઓનાં ચેકમાં પ્રમુખશ્રી, ડૉ. ભરતભાઈ જોશી તેમજ ટ્રસ્ટીશ્રી, ડૉ. હર્ષદભાઈ પટેલ અને શ્રી દિલીપભાઈ ઠાકર બે પૈકી કોઈપણ એકની સહીથી નાણાંની લેવડ-દેવડ કરવી અને વર્તમાન વ્યવસ્થામાં એપ્રિલ-૨૦૨૩ દરમિયાન સુધારો કરી લેવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ-૧.૧.૩: ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વિવિધ પ્રવૃતિઓ અને વ્યવસ્થાકીય બાબતો માટે સમીક્ષા સમિતિની રચના ડૉ. હર્ષદ પટેલનાં અધ્યક્ષપણા નીચે કરવાનું ઠરાવવામાં આવ્યું. તેમા શ્રી દિલીપભાઈ ઠાકર, શ્રી વિશાલભાઈ ભાદાણી, ડૉ. અરુણ ગાંધી સભ્ય તરીકે રહેશે. આ સમીક્ષા સમિતિ નીચેના જેવી બાબતો અંગે સમીક્ષા કરી અહેવાલ આપશે.

1) ગૂજરાત વિદ્યાપીઠ મંડળ સમિતિઓની પુનઃ રચના
2) સમતા અને વિકાસ
3) પ્રોપર્ટી
4) કવાટર્સ
5) ગ્રામશિલ્પી

ઠરાવ-૨ : તા.૨૦.૦૩.૨૦૨૩ની કાર્યવાહક સમિતિ ૦૨/૨૦૨૨-૨૩નાં ૨.૧ થી ૨.૧૧ ઠરાવોને બહાલી આપવા આવી.

કાર્ય-3 : તા.૧૮.૦૩.૨૦૨૩ની બોર્ડ ઓફ મેનેજમેન્ટ(DU) ૨૬/૨૦૨૨-૨૩માં થયેલ ૨૬.૯ ઠરાવને બહાલી આપવા બાબત.

ઠરાવ-૩: શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪થી ઉચ્ચ શિક્ષણના તમામ વિદ્યાર્થીઓ માટે છાત્રાવાસ સ્વૈચ્છિક રાખવાનાં સુધારા સાથે ઠરાવને બહાલી આપવામાં આવી.

કાર્ય-૪ : તા.૦૩.૦૩.૨૦૨૩ની ગૂજરાત વિદ્યાપીઠ મંડળ નાણાં સલાહકાર સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૪ તા.૦૩.૦૩.૨૦૨૩ની ગૂજરાત વિદ્યાપીઠ મંડળ નાણાં સલાહકાર સમિતિનાં ૪.૧ થી ૪.૯.૫ ઠરાવોને બહાલી આપવામાં આવી જે પૈકી ૪.૬ અને ૪.૭.૧નાં ઠરાવોમાં નીચે મુજબ સુધારા સાથે બહાલી આપવામાં આવી.

ઠરાવઃ ૪.૬ અને ૪.૭.૧ સંદર્ભે સમીક્ષા સમિતિ આખરીકરણ કરશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૫ : તા.૦૨.૦૩.૨૦૨૩ની બાંધકામ સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૫ : તા.૦૨.૦૩.૨૦૨૩ની બાંધકામ સમિતિનાં ૫.૧ થી ૫.૪૨ ઠરાવોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૬ : તા.૧૩.૦૩.૨૦૨૩ની ગુજરાત હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૫ : તા.૧૩.૦૩.૨૦૨૩ની ગુજરાત હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિનાં ૬.૧ થી ૬.૯.૬ ઠરાવોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૭ : તા.૦૬.૦૩.૨૦૨૩ની ગ્રામસેવા/સ્વાવલંબન સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૭ : તા.૦૬.૦૩.૨૦૨૩ની ગ્રામસેવા/સ્વાવલંબન સમિતિનાં ૭.૧ થી ૭.3 ઠરાવોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૮ : તા.૦૧-૦૩-૨૦૨૩ની આઈ.ટી.આઈ. સલાહકાર સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૮ : તા.૦૧-૦૩-૨૦૨૩ની આઈ.ટી.આઈ. સલાહકાર સમિતિનાં ૮.૧ અને ૮.૨ ઠરાવોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૯ : તા.૦૨-૦૩-૨૦૨૩ની પ્રકાશન સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૯ : તા.૦૨-૦૩-૨૦૨૩ની પ્રકાશન સમિતિનાં ૯.૧ થી ૯.૬ ઠરાવોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૧૦ : તા.૧૫-૦૩-૨૦૨૩ની ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાન સલાહકાર સમિતિમાં થયેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

ઠરાવ-૧૦ : તા.૧૫-૦૩-૨૦૨૩ની ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાન સલાહકાર સમિતિનાં ૧૦.૧ થી ૧૦.૫ ઠરાવોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૧૧: ગૂજરાત વિદ્યાપીઠને મેટ્રો રેલ પ્રોજેક્ટ જમીન વળતરની મળેલી રકમમાંથી જમીન ખરીદી બાબત.

ઠરાવ-૧૧: ગૂજરાત વિદ્યાપીઠને મેટ્રો રેલ પ્રોજેક્ટ જમીન વળતરની મળેલી રકમમાંથી જમીન ખરીદી કરવાનું ઠરાવવામાં આવ્યું. આ બાબતે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી. સમિતિ એક માસમાં તેનો અહેવાલ રજૂ કરશે.

૧) શ્રી દિલીપભાઈ ઠાકર- અધ્યક્ષ

૨) ડૉ. હર્ષદભાઈ પટેલ

૩) શ્રી હસમુખભાઈ પટેલ

કાર્ય-૧૨ : ગૂજરાત વિદ્યાપીઠના કાનૂની કેસ અંગે માર્ગદર્શન અને ચર્ચા અર્થે ગૂજરાત વિદ્યાપીઠ મંડળના સભ્યો દ્વારા કરવામાં આવેલ સૂચનો બાબતે.

ઠરાવ-૧૨ : ગૂજરાત વિદ્યાપીઠના કાનૂની કેસ અંગે ગૂજરાત વિદ્યાપીઠ મંડળના સભ્યો દ્વારા કરવામાં આવેલ સૂચનોને બહાલી આપવામાં આવી.

કાર્ય-૧૩ : સમતા અને વિકાસ સંસ્થાન પ્રોજેક્ટમા નિયામકશ્રી, પ્રોજેક્ટ મદદનીશ તથા ઓફિસ સ્ટાફના પગારખર્ચ અંગે.

ઠરાવ-૧૩ : ઉપરોકત ઠરાવ ૪.૭ અન્વયે સમતા અને વિકાસ સંસ્થાન પ્રોજેક્ટમા નિયામકશ્રી, પ્રોજેક્ટ મદદનીશ તથા ઓફિસ સ્ટાફના પગારખર્ચ અંગે સમીક્ષા સમિતિ તેનો અહેવાલ રજૂ કરશે.

કાર્ય-૧૪ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી પરિસર ખાતે મુખ્ય કાર્યાલય, સેવક નિવાસ તથા ખેડૂત નિવાસના રીપેરીંગ માટે ગૂજરાત વિદ્યાપીઠને મળેલ મેટ્રો રેલ ફંડની રકમમાંથી રૂ. ૧૫,૦૦,૦૦૦/- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલીને ફાળવવા અંગેનો વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલીનો તા. ૨૧-૦૧-૨૦૨૩નો પત્ર વંચાણે લઈ નિર્ણય કરવા અંગે.

ઠરાવ-૧૪ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી પરિસર ખાતે મુખ્ય કાર્યાલય, સેવક નિવાસ તથા ખેડૂત નિવાસના રીપેરીંગ માટે રકમ ફાળવણી અંગે સમીક્ષા સમિતિ અહેવાલ રજૂ કરશે.

કાર્ય-૧૫ : રોકાણ સલાહકારની હવે પછીની કામગીરી માટે ટેન્ડર બહાર પાડી ટ્રસ્ટી મંડળમાં ચર્ચા વિચારણા બાદ રોકાણ સલાહકારોની નિમણૂક કરવા બાબત.

ઠરાવ-૧૫ : ઉપરોકત ઠરાવ-4.2.1માં “ટેન્ડર દ્વારા SEBI માન્ય એજન્સી દ્વારા રોકાણ સલાહકારની નિમણૂક કરવી” તેમ ઉમેરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૬ : આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્રમાં નિશ્ચિત જગ્યાના ભાડા કરાર અંગે.

ઠરાવ-૧૬ : આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્રમાં નિશ્ચિત જગ્યા માટે ૩૫ માસ માટે નવો ભાડા કરાર કરવો અને ૩૦ મહિના પૂરા થાય એટલે ભાડા અંગે સમીક્ષા કરી આગળ વધવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૭: પરિસરોનાં મકાનોના મરામત અને રંગરોગાનનાં ખર્ચની જોગવાઈ અને હેડ નક્કી કરવા બાબત.

ઠરાવ-૧૭: ગૂજરાત વિદ્યાપીઠનાં નાણાંકીય ભંડોળમાંથી પરિસરોનાં મકાનોના મરામત અને રંગરોગાનનાં ખર્ચની જોગવાઈ કરવા ઠરાવવામાં આવ્યું.

અંતમાં મંત્રીશ્રી દ્વારા બેઠકમાં ઉપસ્થિત આદરણીય કુલપતિશ્રી અને બધા ટ્રસ્ટીશ્રીઓનો આભાર વ્યકત કરી બેઠક પૂરી જાહેર કરી.

તા.૨૭.03.૨0૨3

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઇન્ચાર્જ કુલસચિવ